# ક્યા વિભાગને કેટલા ફાળવ્યા

ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રના પ્રથમ દિવસે આજે નાણામંત્રી નીતિન પટેલે બજેટ રજૂ કર્યું હતું જેમાં વિવિધ જાહેરાતો કરવામાં આવી હતી. બજેટમાં જુદા જુદા ક્ષેત્રો માટે કરાયેલી ફાળવણી નીચે મુજબ છે.

- ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ માટે રૂ.૧૩૯૧૭ કરોડ
- બંદર વાહન વ્યવહાર માટે રૂ.૧૩૯૭ કરોડ
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર માટે રૂ.૭૪૨૩ કરોડની જોગવાઈ
- માનવ કલ્યાણ યોજના નાના અને નબળા વર્ગ માટે રૂ.૪૮ કરોડ
- વાજપાયી બેંકેબલ યોજના માટે રૂ.૪૧૧ કરોડ
- પ્રવાસન રૂ.૪૮૦ કરોડની જોગવાઈ
- માન્યતા ધરાવતા પત્રકારોને કુદરતી અવસાનના કેસમાં ૫૦ હજારની જગ્યાએ ૧ લાખનું વીમા કવચ
- જળસંપતિ વિભાગ માટે રૂ.૭૨૨૦ કરોડની જોગવાઈ
- શિક્ષણ વિભાગ માટે રૂ.૩૧૯૫૫ કરોડની જોગવાઈ
- આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ માટે રૂ.૧૧૨૪૩ કરોડની જોગવાઈ
- સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ માટે રૂ.૪૩૨૧ કરોડની જોગવાઈ
- આદિ જાતિ વિકાસ વિભાગ માટે રૂ.૨૬૭૫ કરોડની જોગવાઈ
- સ્ટેચ્યુ ઓફ યુનિટી રૂ.૩૮૭ કરોડની જોગવાઈ
- પવિત્ર યાત્રાધામ માટે રૂ.૧૪૭ કરોડની ફાળવણી
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે રૂ.૧૩ ૪૪૦ કરોડની જોગવાઈ
- શ્રમ અને રોજગાર વિભાગ માટે રૂ.૧૪૬૧ કરોડની જોગવાઈ
- કૃષ્ણ નગરી દ્વારકાનો વિકાસ રૂ.૯૬૨ કરોડ
- માર્ગ મકાન વિભાગ માટે રૂ.૧૦૨૦૦ કરોડની જોગવાઈ
- સૂપોષણ ગુજરાત માટે રૂ. ૨૦૦૦ કરોડ
- બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે રૂ.૧૩૯૭ કરોડની જોગવાઈ
- ઉર્જા અને પેટ્રો કેમિકેલ વિભાગ માટે રૂ.૧૩૯૧૭ કરોડની જોગવાઈ
- રાજપીપળા, અમરેલી,કેશોદ, મહેસાણા એરપોર્ટ ડેવલોપમેન્ટ માટે રૂ.૨૫ કરોડ
- રાજ્યની ૫૦૦ શાળાને સ્કૂલ ઓફ એક્સઅલેન્સ બનાવા રૂ. ૨૫૦ કરોડની જોગવાઈ
- વન પર્યાવરણ વિભાગ રૂ.૧૭૮૧ કરોડની જોગવાઈ
- વન રક્ષણ અને સંવર્ધન માટે રૂ.૨૮૧ કરોડ
- સર્પ સંશોધન કેન્દ્ર ધરમપુરના વેળાવદર ખડમોર પક્ષી સંવર્ધન
- ગૃહ વિભાગ માટે રૂ.૭૫૦૩ કરોડ
- વિશ્વાસ પ્રોજેક્ટ માટે સીસીટીવી રૂ.૧૧૧ કરોડ
- પોલીસ આવાસ માટે રૂ. ૨૮૮ કરોડ
- અન્ન અને નાગરિક પુરવઠા માટે રૂ. ૧૨૭૧ કરોડ
- ૧૪૦ નવા સબ સ્ટેશન બનાવશે, એક લાખ ખેડૂતોને વીજ જોડાણ આપવા રૂ. ૧૪૮૯ કરોડ
- વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે રૂ. ૪૯૭ કરોડ
- રાજ્યની દરેક ગ્રામ પંચાયતને ઓપ્ટિકલ ફાઈબરથી જોડાશે
- રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે રૂ. ૫૬૦ કરોડ
- જેટકોના સબ સ્ટેશન નજીક સરકારી જમીન પર સોલર પ્લાન નાખી ૨૫૦૦ મેગા વોટ વીજ ઉત્પાદન રૂ. ૪૪૯ કરોડ
- માહિતી પ્રસારણ માટે રૂ.૧૬૯ કરોડ
- કાયદા વિભાગ માટે રૂ.૧૬૮૧ કરોડ
- પાવર જનરેશન યુનિટના આધુનિક બનાવવા રૂ.૧૫૦ કરોડ
- સામાન્ય વહીવટ રૂ.૧૭૬૬ કરોડ
- અલંગ શિપ બ્રકિંગ યાર્ડ આધુનિકીકરણ માટે રૂ.૭૧૫ કરોડ
- પાંજરાપોળને અપડેટ કરવાં માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ

## હરિની દષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ, તમે તો મારા ખાસ મિત્ર છો, લોકપ્રિય છો, મહાન અને ભાવતાલ કરવાનાં નિષ્ણાંત પણ છો... તમને વધુ શું કહું... લઈ જાવ રીંગણા ત્રણસોના કિલો...

## ખેડૂત, કૃષિ માટે જાહેરાત

- ખેડૂતોને મહિને ગાયદીઠ ૯૦૦ રૂપિયા નિભાવ ખર્ચ ચુકવાશે
- ખેતરમાં ગોડાઉન બનાવવા ૩૦૦૦૦ની સહાયતા અપાશે
- ખેડૂતને ટ્રેક્ટરદીઠ પણ જંગી સહાયતા કરવામાં આવશે
- ગોડાઉન બનાવવા ખેડૂતને એનએ સહિત કોઈપણ પ્રકારની સરકારી મંજુરી લેવાની જરૂર નહીં પડે
- પશુપાલકોની સહાય માટે ૨૨૦૦ કરોડની જોગવાઈ
- લાખો પશુપાલકોની સહાય માટે મહત્વપૂર્ણ સહાયતા મળશે
- ૧૫૦ કિલોગ્રામ પશુદાણની ખરીદી પર ૫૦ ટકા ખરીદી સહાય અપાશે
- ગાયોની સાળસંભાળ માટે ૨૧૦૦ કરોડની જોગવાઈ કરાઈ
- હજારો લારી વાળા ભાઈ-બહેનો રોડની સાઈડમાં ખુલ્લી જગ્યામાં કારોબાર કરે છે તેમને પણ મદદ કરાશે
- ૬૫૦૦૦ છુટક વેચાણકારો માટે ૨૮ કરોડની જોગવાઈ કરાઈ
- શાકભાજી ન બગડે તે માટે મોટી સાઈઝની છત્રીઓ અપાશે
- બાગાયતી ઉત્પાદનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારો સુધી વિકસિત કરવા ૨૫ કરોડની જોગવાઈ
- રજિસ્ટર પાંજરાપોળોને એક વખતની માળખાકીય સહાય માટે ૨૧૦૦ કરોડની જોગવાઈ
- પશુપાલકોને ડેરી ફાર્મ, પશુ એકમ અને બકરા એકમ સ્થાપવા ૨૮૧ કરોડની જોગવાઈ
- રાજ્યભરમાં ૧૦ ગામદીઠ એક પશુ દવાખાનાની સેવા માટે ૨૩૫ કરોડ
- હિંમતનગર નજીક નવી સુવિધા વિકસિત કરાશે
- દેશી ગીર અને કાંકરેજ ગાયના સંવર્ધનની વિવિધ પ્રવૃત્તિ માટે ૨૩૨ કરોડ

# ગુજરાત બજેટ હાઈલાઈટ્સ

- ૨૧૭૨૮૭ કરોડનું ૨૦૨૦-૨૧ માટેનું ગુજરાતનું બજેટ રજૂ થયું
- કોલ્ડસ્ટોરેજ વિજ કરને ૨૦ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરાયો
- વેપાર અને વાણિજ્ય વર્ગના વિજદરને ૨૫ ટકાથી ઘટાડી ૨૦ ટકા કરાયો
- અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરતમાં બાંધકામ શ્રમિકોને બસમાં મુસાફરી કરવા સરકાર સહાયતા આપશે. આના માટે ૫૦ કરોડ ફળવાયા
- મધ્યમ વર્ગને ખુશ કરવાના હેતુસર પ્રયાસ કરાયા છે જેમાં દર વર્ષે પ્રત્યેક પરિવાર ૧૨ કિલો તુવેરદાળ અપાશે જેનાથી ૬૬ લાખ લોકોને મદદ મળશે
- ગુજરાત સરકાર ગાયો પાળવા માટે એક ગાયે વાર્ષિક ૧૦૮૦૦ આપશે. એટલે કે ખેડૂતોને માસિક ૯૦૦ રૂપિયા અપાશે
- પાક વિમા યોજના મરજિયાત કરી દેવામાં આવી છે
- કૃષિ ખેડૂત કલ્યાણ માટે તથા સહકાર માટે ૭૪૨૩ કરોડ અપાયા
- બજેટનું અંદાજિત પુરાંત ૨૫૭.૮૫ કરોડ રહી છે
- મેટરનિટી ચાઈલ્ડ હોસ્પિટલ, આઈસીયુ, એનઆઈસીયુ અને પીઆઈસીયુથી સજ્જ કરાશે
- મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી જનરલ હોસ્પિટલમાં ૧૮૦ કરોડના ખર્ચે ૬૦૦ બેડની મેટરનીટી ચાઈલ્ડ હોસ્પિટલ બનશે
- નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના હેઠળ ૭૫ વર્ષથી વધુના વૃદ્ધોને ૭૫૦ના બદલે ૧૦૦૦ની સહાય
- ૮૦ ટકાથી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને માસિક ૬૦૦ની જગ્યાએ ૧૦૦૦ની સહાયતા અપાશે
- વૃદ્ધા આશ્રમોની નિભાવગ્રાન્ટ ૧૫૦૦થી વધારી ૨૧૬૦ કરાઈ
- ક્લાઈમેટ ચેંજ માટે ૧૦૧૬ કરોડની જોગવાઈ
- પાણી પુરવઠા માટે ૪૩૧૭ કરોડની જોગવાઈ
- કુટીર ગ્રામ ઉદ્યોગ માટે પણ ૪૧૧ કરોડની જોગવાઈ
- માનવ કલ્યાણ યોજના, નાના અને નબળા વર્ગ માટે ૪૮ કરોડ
- વાજપેયી બેંકેબલ યોજના માટે ૪૧૧ કરોડ
- પ્રવાસન માટે ૪૮૦ કરોડની જોગવાઈ
- માન્યતા ધરાવતા પત્રકારોને કુદરતી અડચણના કેસમાં ૫૦૦૦૦ની જગ્યાએ એક લાખ વિમા કવચ
- જળ સંપત્તિ વિભાગ માટે ૭૨૨૦ કરોડ
- ૧૪૦ નવા સબ સ્ટેશન બનાવાશે
- એક લાખ ખેડૂતોને વિજ જોડાણ આપવા ૧૪૮૯ કરોડ
- વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ માટે ૪૫૭ કરોડ
- સાયન્સ સિટી માટે ૭૫ કરોડની જોગવાઈ
- રાજ્યની દરેક ગ્રામ પંચાયતને ઓપ્ટિકલ ફાઈબરથી જોડાશે
- રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે ૫૦૦ કરોડ
- માહિતી પ્રસારણ માટે ૧૬૯ કરોડની જોગવાઈ
- પાવર જનરેશન યુનિટને આધુનિક બનાવવા ૧૫૦ કરોડ
- અલંગશીપ બ્રેકિંગ યાર્ડ આધુનિકીકરણ માટે ૭૧૫ કરોડ
- નાગરિકની વ્યક્તિલક્ષી રજૂઆત જરૂરિયાત સ્થળ પર સાંભળવા સેતુ કાર્યક્રમ
- એક માસ માટે ૧૫૦ કિલો ગ્રામ પશુદાનની ખરીદી પર ૫૦ ટકા રકમની સહાયતા
- પાંજરાપોળને અપડેટ કરવા ૧૦૦ કરોડની જોગવાઈ
- ખેડૂત તેના ખેતરમાં એનએ કરાવ્યા વિના ગોડાઉન બનાવી શકશે, તે માટે - સરકાર ખેડૂત દીઠ રૂ. ૨૦ હજારની સહાય કરશે
- ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે ગાય દીઠ રૂ. ૯૦૦ અને વાર્ષિક રૂ.૧૦૫૦૦
- સોમનાથ અને દ્વારકાની એક જ દિવસમાં મુલાકાત લઈ શકાય તે માટે વિમાન સેવા શરૂ કરવા રૂ.૧ કરોડ
- ખેડૂતોને રાહત દરે વીજ પુરવઠો મળે તે માટે રૂ. ૭૩૮૫ કરોડની સબસિડી
- ઉડાન યોજના પોરબંદર, મુન્દ્રા,ભાવનગર, અને જામનગરની એર કનેક્ટિવિટી અને કેવડિયા સાબરમતી અને શેત્રુંજય ને વોટરડ્રોમથી જોડવા રૂ. ૪૫ કરોડ

## શહેરમાં બેવડી ઋતુનો અનુભવ શરદી-ખાંસીના કેસ વધ્યા

ઉનાળાના પ્રારંભે શહેરમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. દિવસે આકરા તડકાં સાથે ગરમી અને રાત્રે ઠંડી અનુભવાઈ રહી છે.

હાલમાં ઋતુ સંક્રાંતિકાળ ચાલી રહ્યો છે. ઉનાળાનો પ્રારંભ થયો છે. પરંતુ હજુ કાળઝાળ કહી શકાય તેવી આકરી ગરમી પડવાની શરૂઆત થઈ નથી. દિવસે તડકો આકરો પડે છે જેના કારણે ગરમી




અનુભવાય છે. બપોરના સમયે ગરમી વધતાં ઘરમાં અને કચેરીઓમાં ફુલ સ્પીડે પંખા ચાલુ થઈ ગયા છે જયારે ઘણી ઓફિસોમાં એસી પણ ચાલુ થઈ ગયા છે. આખો દિવસ ખૂબ ગરમી પડે છે. પરંતુ સાંજ પડતા જ વાતાવરણમાં ઠંડક છવાઈ જાય છે.

# ગાંધીનગર કમિશનરેટ બનતા પોલીસ માળખામાં વધારો થશે

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના પાટનગર ગાંધીનગર શહેરમાં સચિવાલય, વિધાનસભા, મંત્રી નિવાસ, અક્ષરધામ મંદિર, મહાત્મા મંદિર,સહિતની સલામતી અને સુરક્ષાની જવાબદારી ગાંધીનગર પોલીસ તંત્રના શિરે છે. રાજયના પાટનગરનો રોકેટ ગતિએ વિકાસ થતા અને વસ્તીનો વ્યાપ વધતા જરુરીયાત મુજબ તંત્ર દ્વારા નવા પોલીસ સ્ટેશન પણ ઉભા કરવામાં આવ્યા છે. ત્યારે રાજય સરકારે ગાંધીનગરમાં જિલ્લા પોલીસના માળકામાં પેરફાર કરીને તેને અન્ય મહાનગરોની માફક કમિશનરેટ તરીકે વિકસાવવાનું નક્કી કર્યું છે. આજે વિધાનસભાના પ્રથમ દિવસે રજુ થયેલા બજેટમાં પણ આ જોગવાઈ દર્શાવામાં આવી છે. હાલ ગાંધીનગરમાં જિલ્લા પોલીસ વડા અને બે ડીવીઝનમાં બે ડીવાયએસપી છે તેમજ સલામતી શાખાના અલગ ડીવાયએસપી છે. જયારે ગાંધીનગર કમિશનરેટ બનતા પોલીસના નવા માળખામાં ગાંધીનગરમાં એક પોલીસ કમિશનરની નિમણુંક કરવામાં આવશે.

જયારે કમિશનરની નીચે અન્ય પાંચ ડેપ્યુટી પોલીસ કમિશનર અને દસ આસી. પોલીસ કમિશનરની રહેશે. ગાંધીનગર જિલ્લાના હાલના વિસ્તારની સાથે સાથે કમિશન રેટમાં વધુ વિસ્તારનો સમાવેશ કરાય તેમ લાગી રહ્યું છે. જેમાં અમદાવાદના મોટેરા, ચાંદખેડાનો વિસ્તાર, તેમજ અમદાવાદ ગ્રામ્ય પોલીસ વિસ્તારમાંથી ભાડજ, ઓગણજ, અને મહેસાણા જિલ્લાના કડી પોલીસ મથકના વિસ્તારને પણ સમાવેશ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં હાલ ૨૫૦૦ પોલીસ જવાનો છે. જયારે કમિશનરેટ થવાની વધુ બે હજાર પોલીસ જવાનો મળશે. શહેરમાં છાશવારે યોજાતા સરકારના મહાત્મા મંદિર ખાતે યોજાતા મોટા કાર્યક્રમોને પગલે અન્ય જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને બોલાવવામાં આવે છે.

## હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા બાળકનો મુકી દંપતિ ગાયબ

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા નાના બાળકને મુકીને તેના માતા પિતા ગાયબ થઈ ગયા છે. બે દિવસ અગાઉ શારીરીક તકલીફ હોવાથી માતા-પિતા બાળકને લઈને હોસ્પિટલમાં આવ્યા હતા અને એડમીટ કરીને બાળકને સારવાર



આપવામાં આવી રહી હતી. તાજેતરમાં નાના બાળકને ચિલોડાની ખાનગી હોસ્પિટલમાં પણ સારવાર કરાવવામાં આવી હતી. હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા બાળકની તબિયતમાં સુધારો થતો ન હોય અને બિમાર બાળકથી પીછો છોડાવવા માટે આ રીતે માતા-પિતા ગાયબ થઈ ગયા છે કે કેમ.! તે પણ તપાસનો વિષય છે.

# "હર ઘર એક ગાય" યોજનાના પ્રચાર માટે મધુરનો ગૌ રથ ગામેગામ પહોંચ્યો

ગાંધીનગર, તા. ૨૬

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી "હર ઘર એક ગાય" યોજનાને મધુર ડેરી દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. છેલ્લા વીસ દિવસથી ગાંધીનગરના ગામડાઓમાં 'ગૌ રથ' ફેરવી આ યોજનાનો પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ રહી છે. વર્તમાન સમયમાં જંતુનાશક દવાઓનાં રાસાયણિક ખાતરોનાં વધુ પડતા ઉપયોગને લીધે થતા નુકશાનને લીધે પ્રાકૃતિક ખેતી ઉત્પાદન તરફ ગુજરાતનાં ખેડૂતો અને પશુપાલકોનો ઢળાવ વધે તે હેતુથી પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની યોજનાઓ ગુજરાત સરકારે અમલમાં મુકી છે. તેથી ગુજરાતના ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટેની નવી યોજનાના અંતર્ગત ખેડૂતને એક ગાય દીઠ નિભાવ ખર્ચ માસિક રૂ. ૯૦૦ અને વાર્ષિક રૂ. ૧૦,૮૦૦ સહાય આપવાની જાહેરાત કરી છે. જેમાં પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતે ગાયનું છાણીયું ખાતર અને જીવાઅમૃતનો ઉપયોગ કરવાનો રહેશે. જમીનની ફળદ્રુપતા વધે અને લોકોના સ્વાસ્થ્યપ્રદ ઓર્ગેનિક અનાજ અને શાકભાજી મળી રહે અને ગૌ સેવાનો પણ લાભ મળે તેવી યોજનાનો ચિતાર કરવા માટે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ આર. રાણા પણ છેલ્લા ૨૦ દિવસથી ગાંધીનગરના ગામડાઓનો ગૌ રથ લઈને ખુંદી વળ્યા છે અને કેવી રીતે પશુપાલકોની આવક અને દૂધમાં વધારો થાય તેવી સમજ ખેડૂતોને પશુપાલકોને આપી રહ્યાં છે. વધુમાં સરકારના અંદાજે ૫૦,૦૦૦ ખેડૂતો લાભ લઈ શકે તેવી ૫૦ કરોડની આવી પ્રાકૃતિક ખેતી અનો ગૌ સેવાલક્ષી યોજનાને ગાંધીનગરના ખેડૂતો વતી મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ આર. રાણા સરકારના આ ઉમદા અને ખેડૂત તથા પશુપાલકો લક્ષી લાભદાયી યોજનાને આવકારે છે.

## વાત-વાતમાં.....

- શહેરમાં મોટાભાગના ચાર રસ્તે ટ્રાફિક સિગ્નલ લગાડી દેવામાં આવ્યાં છે પરંતુ હજુ કેટલાક ટ્રાફિક સિગ્નલ ખોટકાવાની ફરિયાદો ઉઠતી રહે છે. શહેરના ઘ-માર્ગ પરના ઘ-૨ સર્કલે વારંવાર ટ્રાફિક સિગ્નલ ખોટકાતું હોવાથી વાહનચાલકો માટે પરેશાનીભરી પરિસ્થિતિ પેદા થવા પામી રહી છે.
- શહેરની શોભા સમાન સર્કલોના બ્યુટિકેશનની જાળવણી માત્ર વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન જ કરવામાં આવતી હોય તેવું નાગરિકોને પ્રતિત થઈ રહ્યું છે. હાલ શહેરમાં સર્કલોની સાફ-સફાઈ તથા મરામત બાબતે જે તે જવાબદારતંત્ર અને સંસ્થાની ઉદાસીનતાને પગલે અનેક સર્કલની હાલત બદતર બનતી જઈ રહી છે.
- શહેરના સેક્ટર-૧૭માં આગામી તા. ૩ જીથી ૫ મી માર્ચ દરમ્યાન એક્ઝિબીશન સેન્ટર ખાતે ફરી એકવાર સિરામિક ઈન્ડસ્ટ્રીઝનો એક્સ્પો યોજાઈ રહ્યો છે. આ એક્સ્પો માટે ગત એક્સ્પોના મુલાકાતીઓને એસએમએસ તેમજ ફોન દ્વારા નિઃશુલ્ક પ્રવેશનું રજીસ્ટ્રેશન કરાવવા આયોજન સંસ્થાના ફોન-મેસેજ પ્રાપ્ત થઈ રહ્યાં છે.

# ભાઈજીપુરા પાટીયા પાસે બસની ટક્કરે બાઈક ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ભાઈજીપુરા પાટીયા પાસે સવારના સુમારે બાઈક અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બસ ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક ચાલક યુવાન માર્ગ પર પટકાયો હતો. ૩૦ વર્ષિય યુવાનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાને પગલે ઘટના સ્થળ પર જ તેનું મૃત્યુ નિપજ્યું હતું. જયારે અકસ્માત સર્જીને બસ ચાલક ફરાર થઈ ગયો હતો. આશાસ્પદ યુવાનના મૃત્યુના પગલે પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે મૃતક યુવાનના નાના ભાઈની ફરીયાદ લઈ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ માણસા તાલુકાના રીદ્રોલ ગામના મુળ રહેવાસી અને ગાંધીનગર ખાતે પીડીપીયુ માર્ગ પર બંગલા નં-૧૭ ગણેશ-૩ જાનવી પાર્ટી પ્લોટની બાજુમાં રહેતા જનક જયપ્રકાશ પટેલ ઉ.વ.૨૭ પોતાના માતા-પિતા અને ભાઈ સાથે રહે છે અને માણસા ખાતે ગંજ બજારમાં પેઢી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. આજે સવારે સાડાઆઠ વાગ્યાના અરસામાં ફરીયાદીના માતાને કાલુપુર જવાનું હોવાથી અને મોટાભાઈ મૌલિનને પણ અમદાવાદ જવાનું હોવાથી તેઓ બંન્ને બાઈક નં. જી.જે.૧૮.એ.જ.-૧૭૧૨ લઈને નીકળ્યા હતા. મૌલિન પટેલે પોતાની માતાને ભાઈજીપુરા પાટીયાથી બસમાં બેસાડી દીધા હતા. ત્યારબાદ તેઓ બાઈક લઈને અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. તે સમયે અચાનક પાછળથી આવી રહેલી બસ નં.
જી.જે.૧૮.વાય.૯૨૩૯ ના ચાલકે ગફલતભરી રીતે હંકારી બાઈકને અડફેટે લીધુ હતુ. જેથી બાઈક પરથી મૌલિન પટેલ રોડ પર પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા મૌલિન પટેલનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતું. અકસ્માત સર્જીને બસ ચાલક બસ મુકીને ફરાર થઈ ગયો હતો. જયારે ફરીયાદીને અકસ્માત અંગે અજાણ્યા માણસે ટેલીફોન કરી જાણ કરતા તેઓ અને સગાઓ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ત્યાં જઈને જોયું તો બાઈક રોડ પર પડ્યું હતું અને તેનાથી આગળ બસ પડી હતી. ફરીયાદીએ તેમના મોટાભાઈને જોતા માથુ ફાટી ગયું હતું અને શરીરે ઈજાઓ પહોંચતા સ્થળ પર જ મૃત્યું થયુ હતું. જેથી જનક પટેલે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.અચાનક આશાસ્પદ યુવાનના મૃત્યુને પગલે પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતું.




# ઉમિયા માતાજી સંસ્થાન ખાતે વિશેષ સન્માન સમારોહ યોજાયો

**વડીલો, તેજસ્વી વિદ્યાર્થીઓ, લક્ષચંડી મહાયજ્ઞના આયોજકો તથા વિશિષ્ટ સેવાઓ અને પદ પ્રાપ્ત કરનારાઓને સન્માનવામાં આવ્યા : સાથે લોકડાયરો પણ યોજાયો**

ગાંધીનગરના સેક્ટર-૧૨ ખાતેના શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા તાજેતરમાં ૭૫ વર્ષીય વડીલોનું સન્માન તથા ધોરણ-૧૦ થી પીએચડી સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓ અને અત્રેની સંસ્થામાં અભ્યાસ કરીને જીપીએસસી તેમજ ગૌણ સેવામાં સફળતાને વરેલા સરકારી નોકરી પ્રાપ્ત કરનાર ૩૯ ઉમેદવારોને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ સાથે લોકડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઊંઝા ખાતે યોજાયેલા લક્ષચંડી મહાયજ્ઞના આયોજન બદલ વડીલ પ્રમુખ મણીભાઈ ઉર્ફે મમ્મી તેમજ મંત્રી દિલીપભાઈ ઉર્ફે નેતાજી, ચેરમેન તથા ધારાસભ્ય બાબુભાઈ પટેલ, મુખ્ય યજમાન ગોવિંદભાઈ વરમોરા, કન્વીનર અરવિંદભાઈ પટેલ અને પ્રોજેક્ટ ચેરમેનને બિરદાવતુ પ્રસંશા પત્ર એનાયત કરાયું હતું. આ પ્રસંગે મેયર રીટાબેન પટેલ, સમારંભના અધ્યક્ષપદે બળદેવભાઈ પટેલ, સંસ્થાના પ્રમુખ ભરતભાઈ પટેલ, મંત્રી ભોળાભાઈ પટેલ, ઉપપ્રમુખ મનુભાઈ પટેલ સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખપદે વરણી થવા બદલ સી.કે. પટેલની અને ગુજરાત પ્રદેશ કુર્મી મહાસભાના અધ્યક્ષપદે વરણી થવા બદલ એમ.એ. પટેલને પણ સન્માનિત કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. લક્ષચંડી મહાયજ્ઞમાં ગાંધીનગર જિલ્લાની સેવા બદલ મુકેશભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, અને એમ.પી. પટેલનું પણ સંસ્થાએ સન્માન કર્યુ હતુ. આ સાથે વિશિષ્ટ સેવાઓ માટે જે.સી. પટેલ, ડૉ. અનિલભાઈ પટેલ, વકીલ અશોકભાઈ પટેલ તેમજ કૃભકોના પરેશભાઈ પટેલ તથા જજ ચિરાગભાઈ પટેલને અને કાર્યક્રમના આયોજન માટે જહેમત ઉઠાવનાર કાર્યકર્તાઓને પણ સન્માનવામાં આવ્યા હતા.

